For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

કાર્યકરોની બેઠકમાં વરિષ્ઠ નેતા અને ધારાસભ્ય યોગેશ પટેલની ખુલ્લી ચીમકી

“જો પાર્ટી બહારના વ્યક્તિને ટિકિટ આપશે તો લડી લેજો, આપણે બધા વિરોધ કરીશું”

વડોદરા ભાજપમાં ટિકિટ મુદ્દે ‘બહારના’ ઉમેદવારો સામે બગાવતના સૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરામાં ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ ધારાસભ્ય યોગેશ પટેલે આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને કાર્યકરો સાથેની એક બેઠકમાં આક્રમક તેવર બતાવ્યા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં યોગેશ પટેલ સ્પષ્ટપણે કહેતા સાંભળવા મળે છે કે જો પાર્ટી કોઈ ‘બહારની વ્યક્તિ’ને ટિકિટ આપશે, તો તેનો જોરદાર વિરોધ કરવામાં આવશે.

ચૂંટણી કાર્યાલય ખાતે યોજાયેલી આ સભામાં યોગેશ પટેલે કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે, “આપણે બધાએ ખૂબ મહેનત કરી છે. ગામેગામ ફર્યા છીએ, બસો અને મોટરો ભરી છે અને પાર્ટીએ જે પણ સૂચના આપી છે તેનું પાલન કર્યું છે.” તેમણે ભારપૂર્વક કહ્યું કે પાયાના કાર્યકરોની આ મહેનતને અવગણી શકાય નહીં.

પોતાના સંબોધનમાં તેમણે કાર્યકરોને એકજુટ થવા અપીલ કરતા કહ્યું કે, “જો બહારથી કોઈ વ્યક્તિ આવે તો તેની સામે લડવાનું છે અને આપણે બધાએ વિરોધ કરવાનો છે.” તેમણે વધુમાં ઉમેર્યું કે પાર્ટી જે સ્થાનિક વ્યક્તિને ટિકિટ આપશે, તેમાં મારો સાથ રહેશે અને આપણે તેને જંગી બહુમતીથી જીતાડીશું.

રાજકીય ખેંચતાણ વચ્ચે તેમણે કાર્યકરોને શિસ્ત જાળવવા પણ ટકોર કરી હતી. તેમણે કહ્યું કે ચૂંટણી ટાણે અંદરોઅંદર કોઈએ ‘અબોલા’ લેવા જોઈએ નહીં અને સંગઠિત થઈને કામ કરવું જોઈએ.

રાજકીય વિશ્લેષકોનું શું કહેવું છે?

ધારાસભ્ય યોગેશ પટેલનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ટિકિટ વિતરણને લઈને પક્ષમાં આંતરિક ચર્ચાઓ ચાલી રહી છે. વડોદરા ભાજપના આ પીઢ નેતાનો આ સુર આગામી સમયમાં પક્ષ માટે મુશ્કેલી સર્જી શકે છે અથવા તો હાઈકમાન્ડ પર દબાણ લાવવાની રણનીતિ હોઈ શકે તેવું મનાય છે.

આજથી ફોર્મ ભરવાની શરૂઆત, વોર્ડ દીઠ ચૂંટણી અધિકારીઓની નિમણૂક

(પ્રતિનિધિ) વડોદરા. તા.5

આવતીકાલે એટલે કે 6 એપ્રિલ થી ફોર્મ ભરવાની શરૂવાત થશે. 11 એપ્રિલ સુધી ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલશે, ત્યારબાદ 12 એપ્રિલે સ્ક્રુટિની થશે. ફોર્મ ખેંચવાની છેલ્લી તારીખ 15 એપ્રિલ હોવાથી, તે દિવસે જ ખરા અર્થમાં ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે કે કયા વોર્ડમાં કેટલા ઉમેદવારો વચ્ચે જંગ જામશે.

લોકશાહીના મહાપર્વની તૈયારીઓ જ્યારે પૂરજોશમાં ચાલી રહી હોય, ત્યારે વહીવટી તંત્રના ખભા પર સૌથી મોટી જવાબદારી ‘નિષ્પક્ષ અને પારદર્શક’ ચૂંટણી યોજવાની હોય છે. વડોદરા મહાનગરપાલિકાના તમામ 19 વોર્ડના નાગરિકો માટે વહીવટી તંત્ર દ્વારા રણનીતિ તૈયાર કરી દેવામાં આવી છે. આ વ્યવસ્થાના ભાગરૂપે, શહેરના દરેક વિસ્તાર માટે અનુભવી અને નિષ્ણાત ‘ચૂંટણી અધિકારીઓ’ ની નિમણૂક કરવામાં આવી છે. વડોદરાના ભૌગોલિક વિસ્તાર મુજબ છ અલગ-અલગ ઝોનમાં આ જવાબદારી વહેંચવામાં આવી છે, જેની વિગતો આ પ્રમાણે છે.

ઉમેદવારીપત્રો ભરવા અહીં સંપર્ક કરો

વોર્ડ નં. 1, 2, 3
ચૂંટણી અધિકારી **આર.બી.પરમાર**
મદદનીશ અધિકારી **આર.કે.જાદવ**
સંપર્ક સ્થળ :- રૂમ નં. 306, ત્રીજો માળ મામલતદાર ઉત્તરની કચેરી, સમા તળાવ સામે, સમા, વડોદરા.

વોર્ડ નં. 4, 5, 6
ચૂંટણી અધિકારી **નિહાર ભેતરીયા**
મદદનીશ અધિકારી **ભાવેશકુમાર પી ઇટાલીયા**
સંપર્ક સ્થળ :- રૂમ નં. 330, ત્રીજો માળ, એ બ્લોક, છાણી જકાતનાકા, વડોદરા.

વોર્ડ નં. 7, 8, 9
ચૂંટણી અધિકારી **વી.કે.સાંબડ**
મદદનીશ ચૂંટણી અધિકારી **કે.એસ.ભોઈ**
સંપર્ક સ્થળ :- રૂમ નં. 5 અને 7 નાયબ કલેક્ટર કચેરી, વડોદરા.

વોર્ડ નં. 10, 11, 12
ચૂંટણી અધિકારી **શૈલેષ કલસરીયા**
મદદનીશ ચૂંટણી અધિકારી :- **કૃતિકાબેન.આર.ઝાલા**
સંપર્ક સ્થળ :- રૂમ નં. 102, પહેલો માળ, મામલતદાર પશ્ચિમની કચેરી, ગાય સર્કલ ની બાજુમાં, અકોટા, વડોદરા.

વોર્ડ નં. 13, 14, 15
ચૂંટણી અધિકારી **દક્ષેશ મકવાણા**
મદદનીશ ચૂંટણી અધિકારી :- **ફાલ્ગુનીબેન.સી.સોની**
પહેલો માળ, બી-વિંગ, કલેક્ટર કચેરી, દિવાળીપુરા, વડોદરા.

વોર્ડ નં. 16, 17, 18, 19
ચૂંટણી અધિકારી **વિમલકુમાર બારોટ**
મદદનીશ ચૂંટણી અધિકારી **એસ બી ગઢેથરીયા**
પ્રથમ માળ, કલેક્ટર કચેરી, દિવાળીપુરા, વડોદરા

રમત-રમતમાં કાર લોક થઈ, ફસાયેલા અઢી વર્ષના માસૂમનો કાચ તોડી રેસ્ક્યુ

સયાજીગંજ પોલીસ અને ફાયર વિભાગના સંયુક્ત ઓપરેશનથી બાળકનો સુરક્ષિત બચાવ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરાના અલકાપુરી વિસ્તારમાં રવિવારે બપોરે એક હૃદયદ્રાવક ઘટના બની હતી. કાન્હા કેપિટલ નજીક પાર્ક કરેલી હુંડાઈ વર્ના કારમાં અઢી વર્ષનો બાળક અકસ્માતે અંદરથી લોક થઈ જતાં ફસાઈ ગયો હતો. લગભગ અડધા કલાકની જહેમત બાદ ફાયર વિભાગ અને પોલીસની મદદથી બાળકને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યો હતો.

માહિતી મુજબ, એક પરિવાર કાર લઈને ત્યાં આવ્યો હતો અને બધા સભ્યો બહાર ઉતરી ગયા હતા, જ્યારે બાળક કારમાં જ રહ્યો હતો. અચાનક સેન્ટ્રલ લોકિંગ સિસ્ટમ સક્રિય થતાં કાર અંદરથી લોક થઈ ગઈ અને ચાવી પણ અંદર જ રહી ગઈ. જેના કારણે દરવાજો ખોલવો મુશ્કેલ બન્યો હતો.

ગરમી અને ગૂંગળામણને કારણે બાળક રડવા લાગતાં પરિવાર ગભરાઈ ગયો હતો. સ્થાનિક લોકોના પ્રયાસો નિષ્ફળ જતા ફાયર બ્રિગેડ અને પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાસ્થળે પહોંચેલા ફાયર ફાઈટરોએ પરિવારની મંજૂરીથી કારનો પાછળનો કાચ તોડી બાળકને બહાર કાઢ્યો હતો.

આ ઘટના વાલીઓ માટે ચેતવણીરૂપ છે કે નાના બાળકોને કારમાં એકલા ન મૂકવા જોઈએ, કારણ કે આવી બેદરકારી જોખમી બની શકે છે.

એનએમસી ઓનલાઈન શરૂ, ફરીયાદીનું નામ ગુપ્ત રાખવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

એનએમસી (નેશનલ મેડિકલ કમિશન) દ્વારા ઓનલાઈન સ્ટુડન્ટ ફીડબેક સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. આ સિસ્ટમ દ્વારા એમબીબીએસના વિદ્યાર્થીઓ મેડિકલ કોલેજ સંબંધિત શિક્ષણ, સુવિધાઓ અથવા અન્ય કોઈપણ બાબતે સીધો કમિશનને પ્રતિભાવ અથવા ફરિયાદ આપી શકે છે. ફીડબેક આપનાર વિદ્યાર્થીનું નામ સંપૂર્ણ રીતે ગુપ્ત રાખવામાં આવશે.

પબ્લિક નોટિસ મુજબ વિદ્યાર્થીઓ અધ્યાપકોની ઉપલબ્ધતા, ટ્રેનિંગ, લેક્ચર્સ, ક્લિનિકલ એક્સપોઝર, લેબોરેટરી, કેમ્પસ કલ્ચર, સ્ટુડન્ટ વેલ્ફેર, એન્ટી-રેગિંગ પગલાં, મેન્ટલ હેલ્થ સપોર્ટ અને કેમ્પસ સુરક્ષા જેવી બાબતો પર પોતાનો અભિપ્રાય આપી શકે છે. વિદ્યાર્થી કમિશનના પોર્ટલ પરથી ફોર્મ ભરી ઓનલાઈન સબમિટ કરી શકશે. આ ફીડબેક એકેડેમિક રિવ્યૂ અને ગુણવત્તા સુધારવા માટે ઉપયોગમાં લેવાશે.

વીડિયો કોલ કરી યુવકને ફ્રેન્ડશિપની જાળમાં ફસાવ્યો

ડેટિંગ એપ ‘Grindr’ પર યુવકને મજા પડી ભારે, ફ્લેટ પર બોલાવી સોનાના દાગીનાની લૂંટ

માર મારી સોનાની ચેઈન-વીંટી લૂંટી લેતી ગેંગ, એક મહિલા ઝડપાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

શહેરમાં સોશિયલ મીડિયા અને ડેટિંગ એપ્સના માધ્યમથી અજાણ્યા લોકો સાથે મુલાકાત કરવી જોખમી સાબિત થઈ રહી છે. વડોદરામાં ‘Grindr’ નામની ડેટિંગ એપ દ્વારા સંપર્કમાં આવેલા એક યુવકને ફ્રેન્ડશિપ કરવી ભારે પડી છે. આરોપીઓએ યુવકને વિશ્વાસમાં લઈ ફ્લેટ પર બોલાવ્યા બાદ મારપીટ કરી સોનાની ચેઈન અને બે વીંટીઓ લૂંટી લેતા ચકચાર મચી ગઈ છે. આ મામલે પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે એક મહિલા આરોપીની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, ભોગ બનનાર યુવક થોડા સમય પહેલા ‘Grindr’ ડેટિંગ એપના માધ્યમથી એક અજાણ્યા વ્યક્તિના સંપર્કમાં આવ્યો હતો. બંને વચ્ચે પ્રાથમિક ચેટિંગ થયા બાદ વીડિયો કોલ પર વાતચીત થઈ હતી. આરોપીઓએ યુવકને વિશ્વાસમાં લેવા માટે મીઠી-મીઠી વાતો કરી વડોદરાના એક ચોક્કસ વિસ્તારમાં આવેલા ફ્લેટ પર મળવા માટે આમંત્રણ આપ્યું હતું.

યુવક જ્યારે નક્કી કરેલા લોકેશન પર પહોંચ્યો, ત્યારે ત્યાં પહેલેથી જ હાજર આરોપીઓએ અસલી સ્વરૂપ બતાવ્યું હતું. યુવક ફ્લેટમાં પ્રવેશતા જ આરોપીઓએ તેને ઘેરી લીધો હતો અને ધાકધમકી આપવાનું શરૂ કર્યું હતું. વિરોધ કરતા આરોપીઓએ યુવક સાથે મારપીટ કરી હતી અને તેના શરીર પર પહેરેલી સોનાની ચેઈન તથા સોનાની બે વીંટીઓ બળજબરીપૂર્વક કઢાવી લીધી હતી.

લૂંટના આ ઈરાદામાં આરોપીઓ એટલા મક્કમ હતા કે દાગીના પડાવી લીધા બાદ પણ તેઓ સંતોષાયા નહોતા. આરોપીઓએ યુવકને ડરાવી-ધમકાવી તેની પાસે રહેલા ATM કાર્ડ દ્વારા રોકડ રકમ કઢાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. જોકે, કોઈ કારણસર તેમાં સફળતા મળી નહોતી. ઘટના બાદ ગભરાયેલા યુવકે તાત્કાલિક પોલીસનો સંપર્ક કરી સમગ્ર મામલે ફરિયાદ નોંધાવી હતી.

ઘટનાની ગંભીરતાને જોતા વડોદરા પોલીસે વિવિધ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ સોર્સ અને લોકેશન ડેટાના આધારે પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો હતો, જેમાં લૂંટમાં સંડોવાયેલી એક મહિલા આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ટોળકીમાં અન્ય પુરુષ સભ્યો પણ સામેલ છે જેઓની શોધખોળ અત્યારે યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

તરસાલીમાં પેટ્રોલ પંપ માલિકની દાદાગીરી

ચોરીનો આક્ષેપ લગાવી 5થી વધુ શખ્સો યુવક પર તૂટી પડ્યા

BMWમાં આવી જૂના કર્મચારી પર કર્યો જીવલેણ હુમલો : યુવકના બંને હાથમાં ફ્રેક્ચર થતા ચકચાર

(પ્રતિનિધિ) વડોદરા તા.5

શહેરના તરસાલી વિસ્તારમાં નાણાકીય લેતી-દેતીના વિવાદમાં એક પેટ્રોલ પંપ માલિક દ્વારા તેના જ જૂના કર્મચારી પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. BMW કારમાં આવેલા 4 થી 5 શખ્સોએ લાકડાના દંડા અને ધારિયા જેવા જીવલેણ હથિયારો વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં કર્મચારીના સાળાને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડાયા છે.

ફરિયાદી રાકેશભાઈ રાવળ જ્યારે પોતાના પુત્ર સાથે શાકભાજી લઈને ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે તેમના પૂર્વ માલિક યુવરાજસિંહ મહિડાએ તેમને રસ્તામાં રોક્યા હતા. યુવરાજસિંહે રાકેશભાઈ પર 22,000ની ચોરીનો આક્ષેપ લગાવી ગાળાગાળી કરી મારપીટ કરી હતી. ઘટના બાદ સાંજના સમયે જ્યારે રાકેશભાઈ તેમના સાળા મેલાભાઈ સાથે ઊભા હતા, ત્યારે આરોપી યુવરાજસિંહ, રાજવીરસિંહ, જયરાજસિંહ, હંસરાજસિંહ અને અન્ય ચાર-પાંચ અજાણ્યા શખ્સો BMW કારમાં ધસી આવ્યા હતા. આ શખ્સો પાસે લાકડાના દંડા અને ધારિયા જેવા હથિયારો હતા. તેઓએ રાકેશભાઈ અને તેમના સાળા પર તૂટી પડી જીવલેણ હુમલો કર્યો હતો. આ હિંસક હુમલામાં રાકેશભાઈના સાળા મેલાભાઈને બંને હાથમાં ફ્રેક્ચર થયું છે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે આ મામલે રાયોટિંગ, મારપીટ અને જાનથી મારી નાખવાની ધમકી સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પેટ્રોલપંપના ભાગીદાર ડોક્ટર સાથે સગા ભાઈ દ્વારા રૂ.3.38 કરોડની ઠગાઈ

ભાઈએ અલગ અલગ કંપનીઓમાંથી લોન લઈને રૂપિયા પોતાના અંગત ખર્ચ માટે વાપરી નાખ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.5

અમદાવાદના ડોક્ટરે પોતાના જ ભાઈ વિરુદ્ધ કરોડોની છેતરપીંડી અંગે ગંભીર ફરીયાદ નોંધાવી છે. વિશ્વાસ રાખીને ડોક્ટરે વહીવટ સોપતા ભાઈએ પેટ્રોલપંપના ભાગીદારી વ્યવસાયમાં બારોબાર અનેક ફાઈનાન્સ કંપનીઓમાંથી રૂ 3.38 કરોડની લોન લઈને નાણાકીય ઉચાપત કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. એચપીસીએલ કંપનીમાં 60 લાખ પેમેન્ટ નહીં ચૂકવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં આવેલી યોગ આશ્રમ સોસાયટીમાં રહેતા દિલીપભાઈ શરૂ ભાઈ દેવડા બોડેલી ખાતે દેવ હોસ્પિટલ ચલાવે છે.વર્ષ 2007માં એચપીસીએલ કંપનીનો પેટ્રોલપંપ ફાળવાયો હતો, જે બાદમાં નંદેસરી GIDC વિસ્તારમાં “મોર્વી પેટ્રોલપંપ” નામે શરૂ કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં સંપૂર્ણ માલિકી દિલીપભાઈ પાસે હતી પરંતુ વર્ષ 2018માં તેમના ભાઈ સુભાષભાઈ દેવડાને 49 ટકા ભાગીદાર બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ પેટ્રોલપંપનો વહીવટ ભાઈએ સંભાળ્યો હતો. ભાગીદારી બાદ સુભાષભાઈએ પોતાની સહીથી વિવિધ ફાઈનાન્સ કંપનીઓમાંથી કરોડો રૂપિયાની લોન લીધી હતી. જેમાં Aditya Birla Finance, Bajaj Finserv, Tata Capital સહિતની કંપનીઓ પાસેથી લોનના નામે રુપિયા 3.38 કરોડ લઈ ચાંઉ કરી નાખ્યા હતા. આ તમામ લોન અંગે ડોક્ટરને કોઈ માહિતી આપવામાં આવી નહોતી. બાદમાં ફોરેન્સિક ઓડિટ કરાવતા ખુલ્યું કે પેટ્રોલપંપની આવકમાંથી નાણાં ગેરકાયદેસર રીતે ઉપાડી વ્યક્તિગત ખર્ચ તેમજ ખાનગી દેવા ચુકવવામાં આવ્યા હતા. ઉપરાંત રોજિંદા કેશ ટ્રાન્ઝેક્શનમાં પણ ગેરરીતિઓ થઈ હોવાનું સામે આવ્યું છે. આ મામલે પરિવારજનોની હાજરીમાં સોગંદનામું અને MOU પણ કરવામાં આવ્યા હતા. જેમાં પાંચ વર્ષમાં દેવું ચૂકવવાનો વાયદો કરવામાં આવ્યો હતો. છતાં પણ ત્યારબાદ પણ લોન લેવામાં આવતી રહી હોવાનો આક્ષેપ છે. હાલમાં છેલ્લા છ મહિનાથી પેટ્રોલપંપ બંધ છે અને લોનના હપ્તા ભરાતા નથી. જેના કારણે હવે લોનની જવાબદારી ડોક્ટર પર આવવાની શક્યતા ઊભી થઈ છે. આ સમગ્ર મામલે દિલીપભાઈ દેવડાએ પોતાના ભાઈ વિરુદ્ધ કાર્યવાહી કરવાની માંગ સાથે ફરિયાદ કરી છે. પોલીસ દ્વારા સુભાષ દેવ દેવડા વિરુદ્ધ વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

પ્રથમ યાદીમાં એકેય મુસ્લિમને ટિકિટ ના આપી

મહાનગર પાલિકાની ચૂંટણી માટે કોંગ્રેસની 18 ઉમેદવારોની યાદી જાહેર

AAPના ત્રણ લિસ્ટ બાદ કોંગ્રેસ પણ મેદાનમાં

(પ્રતિનિધિ) વડોદરા તા.5

રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી મહાનગર પાલિકાની ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જેવી મુખ્ય રાજકીય પાર્ટીઓ પોતપોતાની રણનીતિ ઘડવામાં વ્યસ્ત છે. આ ક્રમમાં, ઉમેદવારોના નામ નક્કી કરવા બાબતે અત્યાર સુધી પાછળ રહેલી કોંગ્રેસે આજે અંતે મેદાનમાં ઝંપલાવ્યું છે અને પોતાના ઉમેદવારોની પ્રથમ સત્તાવાર યાદી જાહેર કરી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આમ આદમી પાર્ટી (AAP) અત્યાર સુધીમાં ત્રણ અલગ-અલગ યાદીઓ જાહેર કરી ચૂકી છે. જેને પગલે કોંગ્રેસ પર પણ જલ્દી લિસ્ટ જાહેર કરવાનું દબાણ હતું.

વોર્ડ	ઉમેદવાર
3	કૃતિ નિશાંત રાવલ
5	ધર્મિષ્ઠાબેન મહેન્દ્રભાઈ પરમાર
7	જાગૃતિબેન દીક્ષિતભાઈ રાણા
8	સ્વેજલ વ્યાસ
8	ઊર્મિલાબેન હર્ષદભાઈ પરમાર
10	હાર્દિક રમેશચંદ્ર આમોદ્રીયા
12	રાકેશભાઈ જે. ઠાકોર
13	બાલાસાહેબ સુર્વે
14	દીપા અતુલ શ્રીવાસ્તવ
14	તીર્થ જતીનભાઈ બ્રહ્મભટ્ટ
15	નિલમબેન ધનંજય નિગમ
15	પારુલ ધર્મેશભાઈ પટેલ
15	રાજેન્દ્ર પ્રતાપસિંહ બારોટ
15	આશીષ જોશી
16	અલ્કાબેન શૈલેષભાઈ પટેલ
16	ચાંદની પંકજ સોનવણે
16	ગોપાલ રવજીભાઈ રબારી
16	ચંદ્રકાન્ત આર. શ્રીવાસ્તવ

ગેસ સિલિન્ડર ચોરીનો પર્દાફાશ, ક્રાઈમ બ્રાન્ચે બે આરોપીને ઝડપ્યા

ગોત્રી નિલાંબર સર્કલ પાસેની નાસ્તાની દુકાનમાંથી ઇન્ડેનના 2 સિલિન્ડર ચોરી કર્યા બાદ બાઈક પર લઈ ફરતા ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.5

ગેસ સિલિન્ડરની અછત વચ્ચે લોકો મુશ્કેલી ભોગવી રહ્યા છે, ત્યારે વડોદરામાં સિલિન્ડર ચોરીના બનાવો પણ સામે આવી રહ્યા છે. શહેર ક્રાઈમ બ્રાન્ચે ગોત્રી વિસ્તારમાંથી ચોરાયેલા ઈન્ડેનના બે ગેસ સિલિન્ડર સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.

વડોદરા શહેરમાં વધતા મિલ્કત સંબંધિત ગુનાઓને ધ્યાનમાં રાખી પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર અને સંયુક્ત પોલીસ કમિશનર નિલેશ જાજડિયા દ્વારા ક્રાઈમ બ્રાન્ચને અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવાની

સૂચના આપવામાં આવી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચના પી આઈ જે.આર. ગામીતની દોરવણી હેઠળ પીએસઆઈ આર.એન. બારૈયા અને પીએસઆઈ વી.પી. ચૌહાણની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. દરમ્યાન માહિતીના આધારે અજબડી મિલ નજીક ઠેકરનાથ સ્મશાન પાસે બે શંકાસ્પદ શખ્સ હાલતમાં જણાતા બંનેને રોકી તપાસ કરી હતી. બન્ને આરોપીઓ બાઈક પર ઈન્ડેનના બે ગેસ સિલિન્ડર લઈને ફરી રહ્યા હતા અને કોઈ પુરાવા રજૂ કરી શક્યા નહોતા.

તેઓની પુછપરછ કરતા આરોપી રાહુલ વાઘરાવાળા અને સિદ્ધાર્થ ઉર્ફે સિદ્ધ વિનયસિંહે ગોત્રી નિલાંબર સર્કલ પાસેની દુકાનમાંથી આઠ દિવસ પહેલાં બપોરે સિલિન્ડર ચોરી કર્યાનું કબૂલ્યું હતું. પોલીસે તેમની પાસેથી બે ગેસ સિલિન્ડર તથા બાઈક મળી કુલ અંદાજે રૂ. 45 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે આરોપીઓ અને મુદ્દામાલ ગોત્રી પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે.

રાજ્ય પોલીસ વડા દ્વારા 754 પોલીસ ઇન્સ્પેક્ટરોની બદલીના હુકમો બાદ ફેરફાર

વડોદરા જિલ્લા ગ્રામ્ય એલસીબી-એસઓજી અને 10 પોલીસ સ્ટેશનમાં PIની ફાળવણી

સીટી વિસ્તારના પોલીસ સ્ટેશનોમાં પણ નવી નિમણૂકો કરીને તંત્રને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

ગુજરાત રાજ્યમાં પોલીસ તંત્રમાં મોટા પાયે કરવામાં આવેલી બદલીની અસર હવે સ્થાનિક સ્તરે સ્પષ્ટ જોવા મળી રહી છે. રાજ્ય પોલીસ વડા દ્વારા 754 પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલીના હુકમો બાદ વડોદરા શહેર અને જિલ્લા પોલીસમાં પણ નોંધપાત્ર ફેરફારો કરવામાં આવ્યા છે.જેના કારણે ગ્રામ્યના 10 પોલીસ સ્ટેશન સહિત એલસીબી અને એસઓજીમાં ખાલી પડેલી પોલિસ સ્ટેશનમાં તાત્કાલિક ફાળવણી કરવા સાથે નિમણૂકો કરવામાં આવી છે.

વડોદરા શહેર જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં જાહેર થયેલા આ બદલીઓના પગલે અનેક પોલીસ સ્ટેશનોમાં જગ્યા ખાલી પડી હતી. આ ખાલી જગ્યાઓને પૂર્ણ કરવા માટે વડોદરા શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં નવા પીઆઈઓને નિયુક્ત કરી સત્તાવાર રીતે પોલીસ સ્ટેશનોનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. શહેરના સીટી વિસ્તારના પોલીસ સ્ટેશનોમાં પણ નવી નિમણૂકો કરીને તંત્રને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. બીજી તરફ ગ્રામ્ય પોલીસ વિભાગમાં પણ એલસીબી, એસઓજી સહિત મહત્વપૂર્ણ શાખાઓમાં તેમજ 10 પોલીસ સ્ટેશનોમાં આશરે 10 જેટલા પીઆઈઓની નિમણૂક કરવામાં આવી છે.

નવા નિમણૂક પામેલા પીઆઇઓની યાદી

નામ	પો.સ્ટેશન
વી.સી. પરમાર	મંજુસર
કે.એચ. ચૌધરી	વરણામા
એચ.આર. શાહ	એલઆઈબી
એચ.ટી. પટેલ	ડભોઇ
એચ. બી. ગોહિલ	વાઘોડિયા
આર.એ. જાડેજા	જરોદ
પી ટી ચૌધરી	વલણ
આર.આર. વસાવા	શિનોર
કે.સી. પટેલ	ડેસર
એન.એમ. આહીર	ચાણોદ
પી.જે. ખરસાણ	એલસીબી
પી.કે. સોઢા	એસઓજી

વડોદરા મહાનગરપાલિકા ચૂંટણીના 19 વોર્ડનું આખરી સરવૈયું જાહેર

શહેરમાં મતદારોની સંખ્યામાં 4.8%નો વધારો, વોર્ડ નં. 7 સૌથી મોટો, જ્યારે મહિલા મતદારો નિર્ણાયક ભૂમિકામાં

(પ્રતિનિધિ) વડોદરા. તા.5

વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે મતદારોનું સરવૈયું જાહેર. વડોદરામાં આગામી 2026ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો જંગ તેજ બન્યો છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા વડોદરાના તમામ 19 વોર્ડની આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ નવી યાદી મુજબ વડોદરા શહેરમાં મતદારોની સંખ્યામાં આશરે 4.8% જેટલો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને શહેરના વિસ્તરતા વિસ્તારો જેવા કે વોર્ડ નંબર 7 અને 12માં મતદારોનો આંકડો સૌથી ઊંચો રહ્યો છે.

તંત્ર દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ મુજબ, આ વખતે મહિલા મતદારોની સંખ્યામાં પણ નોંધપાત્ર સુધારો થયો છે, જે આગામી સમયમાં ચૂંટણીના પરિણામો પર મોટી અસર કરી શકે તેમ છે. આ સિવાય 18 વર્ષ પૂર્ણ કરનાર હજારો નવા યુવા મતદારો પણ પ્રથમવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. તમામ 19 વોર્ડમાં પુરુષ અને મહિલા મતદારોની સાથે અન્ય મતદારોની વિગતો પણ સ્પષ્ટ કરવામાં આવી છે, જેના આધારે હવે રાજકીય પક્ષો પોતપોતાના વોર્ડમાં પ્રચાર અને રણનીતિનું આયોજન કરી રહ્યા છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા મતદાન મથકોની સંખ્યામાં પણ વધારો કરવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે જેથી મતદારો સરળતાથી મતદાન કરી શકે.

વરિષ્ઠતા જોઈ કામગીરી સોંપવા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘની માંગ

બોર્ડ પરીક્ષાનું મૂલ્યાંકન પૂરું થતા શિક્ષકોને વસ્તી ગણતરી સોંપાશે : આગામી સપ્તાહે ઓર્ડર અપાશે

ચૂંટણીઓમાં મતદાન, મતગણતરી સહિતની કામગીરી કરવી પડશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

ધોરણ 10 અને 12 ની ઉત્તરવહી ચકાસણીનું કામ પૂરું થતાં શિક્ષકોને હવે વસ્તી ગણતરીની કામગીરી માટેના ઓર્ડર ઈશ્યુ થશે. એક તરફ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ જાહેર થઈ હોવાથી મતદાન અને મત ગણતરીની કામગીરીમાં પણ શિક્ષકોને સામેલ કરવામાં આવનાર હોવાનું જણાવી શિક્ષક સંઘના આગેવાનોએ શિક્ષકો માટે શાળાકીય શિક્ષણ ઉપરાંત રાષ્ટ્રીય કામગીરી પણ સંભાળવાની રહેશે તેવી લાગણી વ્યક્ત કરી છે. ધોરણ 10 અને 12 ની બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ છેલ્લા એક પખવાડવાથી ઉત્તરવહી ચકાસણીની

55થી ઉપરનાને અને નિવૃત્તિને એક વર્ષ બાકી હોય તેવાને આ કામગીરી સોંપવી જોઈએ નહિ

“55 વર્ષથી ઉપરના અને નિવૃત્તિની નજીક આવેલા શિક્ષકોને આવી જવાબદારીઓ સોંપવી યોગ્ય નથી. ચૂંટણીમાં સિનિયોરિટી જોવામાં આવે છે, પરંતુ વસ્તી ગણતરીમાં અવગણાય છે. સુપરવાઈઝર તરીકે સિનિયરોને સ્થાન મળવું જોઈએ. વેકેશન દરમિયાન કામગીરી આપવાથી શૈક્ષણિક કાર્ય અસર પામે છે. અન્ય વિભાગોને પણ જોડવા જોઈએ અને સિનિયોરિટીનો ન્યાય જાળવવો જરૂરી છે. - **ધર્મેન્દ્ર જોષી,** પ્રમુખ ઉ.માધ્યમિક શિક્ષક સંઘ

કામગીરી ચાલી રહી હતી, જે પૂર્ણ થઈ છે. હવે તમામ ઉત્તરવહી બોર્ડના ડેટા સેન્ટરને મોકલી આપવામાં આવી છે. જ્યાં દરેક પરીક્ષાર્થીના પરિણામ માટેની માર્કશીટ તૈયાર થશે. દરમિયાન શિક્ષકોને 20 મી એપ્રિલથી શરૂ થનારી વસ્તી ગણતરીની કામગીરી સોંપવામાં આવનાર હોવાથી તેને તાલીમ અને કામગીરી તથા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાન આગામી તારીખ 26 તથા મત ગણતરી 28 એપ્રિલના રોજ હોવાથી મતદાન અને મત ગણતરીના કામોમાં પણ શિક્ષકોને સામેલ કરવામાં આવશે. પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને આગામી સપ્તાહથી વસ્તી ગણતરી અને મતદાન મત ગણતરીની કામગીરીના ઓર્ડર ઈસ્યુ થશે. જોકે ઉનાળુ વેકેશન પહેલા શિક્ષકો માટે કામગીરી મહત્વપૂર્ણ બની રહેશે.